# શ્રી કલ્યાણમંદિર–સ્તોત્ર

(શ્રી કુમુદચન્દ્ર સ્વામી રચિત પાર્શ્વનાથસ્તુતિનો ગુજરાતી અનુવાદ)

(મંદાક્રાંતા)

**કલ્યાણોના સદન વળી જે પાપભેદી ઉદાર,**
**તે ભીતોને અભયપ્રદ જે જે અનિન્દિત સાર;**

**Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250**

જન્માબ્ધિમાં ડુબત સઘળાં જંતુને નાવ છે જે,
જિનેંદાનાં ચરણકમળો એહવા વંદીને તે. ૧

જેના મોટા મહિમ-જલધિ કેરું સુસ્તોત્ર અત્ર,
સુમેધાવી સુરગુરુ સ્વયં ગુંથવા નાંહિ શક્ત;
જે તીર્થેશા કમઠ-મદને ધૂમકેતુ જગીશ,
એવા તેનું સ્તવન વર આ નિશ્ચયે હું કરીશ. (યુગ્મ). ૨

સામાન્યેથી પણ સ્વરૂપ તો વર્ણવા તારું અત્ર,
કેવી રીતે અમ સરિખડા નાથ હે! થાય શક્ત?
ધીઠો તોયે ઘુવડ શિશુ રે! દિવસે આંધળો જે,
શું ભાનુનું સ્વરૂપ પ્રરૂપે નિશ્ચયે એહવો તે? ૩

હે જિનેંદા! અનુભવ કરે મોહવિનાશ દ્વારા,
તોયે મર્ત્યો સમરથ નથી ગુણવા ગુણ ત્હારા;
કલ્પાંતે જ્યાં નીરનિધિ તણું નીર નિશ્ચે વમાય,
કોનાથી ત્યાં પ્રકટ પણ રે! રત્નરાશિ પમાય? ૪

સંખ્યાતીતા મહદ ગુણની ખાણ એવા તમારું,
સ્તોત્ર સ્વામી! જડમતિ છતાં ગુંથવા બુદ્ધિ ધારું!
ભાખે ના શું શિશુય જલધિ કેરી વિસ્તિર્ણતાને,
'હ્યાં વિસ્તારી સ્વભુજયુગને નિજ બુદ્ધિ પ્રમાણે! ૫

યોગીઓને પણ તુજ ગુણો ગમ્ય જે હોય નાંહિ,
તે કહેવામાં ક્યમ પ્રસર રે! માહરો થાય આંહી!

તેથી આ તો થઈ વગર વિચારી પ્રવૃત્તિ આહા!
વા જલ્પે છે ખણગણ ખરે! નિજ કેરી ગિરામાં. ૬

દૂરે તારું સ્તવ જિન! અચિંત્ય પ્રભાવી રહોને!
રક્ષે નામે પણ તમ તણું જન્મથી ભુવનોને;
વાયુ રૂડો કમલસરનો સુરસીલો વહે જે,
તીવ્રોત્તાપે હત પથિકને ગ્રીષ્મમાં રીઝવે તે. ૭

પ્રાણીઓના નિબિડ પણ તે કર્મબંધો અહા! હ્યાં,
વિભુ થાયે શિથિલ ક્ષણમાં વર્તતાં તું હૃદામાં;
રે! શિખંડી સુખડવનની મધ્યમાં આવી જાતાં,
જેવી રીતે ભુજગમય તે શીઘ્ર શિથિલ થાતાં. ૮

મૂકાયે છે મનુજ સહસા રૌદ્ર ઉપદ્રવોથી,
અત્રે સ્વામી! જિનપતિ! તને માત્ર નિરીક્ષવાથી;
ગોસ્વામીને સ્ફુરિત પ્રભને માત્ર અત્રે દીઠાથી,
જેવી રીતે ઝટ પશુગણો ભાગતા ચોરટાથી. ૯

કેવી રીતે ભવિજન તણો જિન! તું તારનાર?
ધારે તેઓ હૃદમહિં તને ઊતરે જેથી પાર;
વા એહી જે મશક તરતી નીરને નક્કી સાવ,
છે તે અંતર્ગત મરુતનો નિશ્ચયે જ પ્રભાવ. ૧૦

❒

જેની પાસે શિવપ્રમુખ સૌ છે પ્રભાવે વિહીન,
તુંથી તેહ રતિપતિ ક્ષણે સર્વથા કીધ ક્ષીણ;
અગ્નિઓ જે જલ થકી અહો! નિશ્ચયે બુઝવાય,
રે! શું તેહી દુઃસહ વડવાવહ્નિથી ના પિવાય? ૧૧

સ્વામી! તુનેં બહુ જ ગુરુતાવંતને આશ્રનારા,
સત્ત્વો સર્વે હૃદયમહિં તને ધારીને ક્યા પ્રકારા;
જન્માબ્ધિને અતિ લઘુપણે રે! તરે શીઘ્ર સાવ,
વા અત્રે તો મહદ્જનનો છે અચિંત્ય પ્રભાવ. ૧૨

❑

જો વિભુ હે! પ્રથમથી જ તેં ક્રોધ કીધો નિરસ્ત,
તો કીધા તેં કઈ જ રીતથી કર્મચોરો વિનષ્ટ?
લીલાં વૃક્ષો યુત વનગણોને અહો! લોકમાંહી,
ના બાળે શું શિશિર પણ રે! હિમરાશિય આંહી? ૧૩

યોગીઓ તો જિનપતિ! સદા તું પરમાત્મારૂપીને,
રે! શોધે છે હૃદયકજના કોશદેશે ફરીને;
શું કર્ણિકા વિણ અપર રે! સંભવે છે અનેરું,
સ્થાન હ્યાં તો પુનિત અમલા અબ્જના બીજ કેરું? ૧૪

પામે ભવ્યો ક્ષણમહિં પ્રભુ હે! પરમાત્માદશાને,
જિનેશા હે! શરીર તજીને આપશ્રીના જ ધ્યાને;
તીવ્રાગ્નિથી તજી દઈ અહો! ભાવ પાષાણ કેરો,
પામે લોકે ઝટ કનકતા જે રીતે ધાતુભેદો. ૧૫

જેની અંતઃ ભવિ થકી સદા તું વિભાવાય ભાવે,
જિનેશા હે! શરીર પણ તે નાશ કાં તુ કરાવે?
વા વર્તે આ નકી અહીં અરે! મધ્યવર્તિ સ્વરૂપ,
મ્હાનુભાવો વિગ્રહ શમવે સર્વથા જિનભૂપ! ૧૬

આ આત્મા તો મનીષિ જનથી તુંથી નિર્ભેદ ભાવે,
ધ્યાયાથી હે જિનવર! બને તુજ જેવો પ્રભાવે;
અત્રે પાણી પણ અમૃત આ એમ રે! ચિંતવાતું,
નિશ્ચેથી શું વિષવિકૃતિને ટાળનારું ન થાતું? ૧૭

વિભુ તુંહી તમરહિતને વાદીઓએ અનેરા,
નિશ્ચે શંભુ હરિ પ્રમુખની ધીથી માની રહેલા;
ધોળો શંખે તદપિ કમળાયુક્તથી જિનરાય!
નાના વર્ણે વિપરીત મતિએ ન શું તે ગ્રહાય? ૧૮

❑

## (અશોકવૃક્ષાદિ અષ્ટ પ્રાતિહાર્ય)

### * અશોકવૃક્ષ *

(રાગ–મંદાક્રાંતા)

સાન્નિધ્યેથી તુજ ધરમના બોધવેળા વિલોક!
દૂરે લોકો! તરુ પણ અહો! થાય અત્રે 'અશોક';
ભાનુ કેરો સમુદય થયે નાથ! આ જીવલોક,
શું વિબોધ ત્યમ નહિ લહે સાથમાં વૃક્ષથોક? ૧૯

## * સુરપુષ્પવૃષ્ટિ *

રે! ચોપાસે વિમુખ ડિંટડે માત્ર શાને પડે છે,
વૃષ્ટિ ભારી સુરકુસુમની? હે વિભુ! ચિત્ર એ છે!
વા ત્હારા રે! દરશન પથે પ્રાપ્ત થાતાં જ નિશ્ચે,
મુનીશા હે! સુમનગણનાં બંધનો જાય નીચે. ૨૦

## * દિવ્યધ્વનિ *

સ્થાને છે આ ગંભીર હૃદયાબ્ધિ થકી ઉદ્ભવેલી,
ત્હારી વાણી તણી પીયૂષતા છે જનોએ કથેલી;
તેને પીને પર પ્રમદના સંગભાગી વિરામે,
નિશ્ચે ભવ્યો અજરઅમરાભાવને શીઘ્ર પામે. ૨૧

## * ચામર *

હે સ્વામિશ્રી! અતિ દૂર નમી ને ઊંચે ઊછળંતા,
માનું શુચિ સુરચમરના વૃંદ આવું વદંતા—
“જેઓ એહી યતિપતિ પ્રતિ રે! પ્રણામો કરે છે,
“નિશ્ચે તેઓ ઉરધ ગતિને શુદ્ધભાવે લહે છે.” ૨૨

## * સિંહાસન *

બિરાજેલા કનક-મણિના શુભ્ર સિંહાસને ને
હ્યાં ગર્જંતા ગંભીર ગિરથી, નીલવર્ણા તમોને;
ઉત્કંઠાથી ભવિજનરૂપી મોરલાઓ નિહાળે,
સુવર્ણાદ્રિ શિખરપર જાણે નવો મેઘ ભાળે! ૨૩

### ✻ ભામંડલ ✻

ઊંચે જાતા તુજ નીલ પ્રભામંડલેથી વિલોક!
પત્રો કેરી દ્યુતિ થકી થયો હીન અત્રે અશોક;
વા નીરાગી! ભગવન! વળી આપના સન્નિધાને,
નીરાગિતા નહિ અહીં કિયો ચેતનાવંત પામે? ૨૪

### ✻ દેવદુંદુભિ ✻

"ભો ભો ભવ્યો અવધૂણી તમારા પ્રમાદો સહુ ને,
આવી સેવો શિવપુરીતણા સાર્થવાહ પ્રભુને,"
માનું આવું ત્રણ જગતને દેવ! નિવેદનારો,
વ્યાપી વ્યોમે ગરજત અતિ દેવદુંદુભિ તારો. ૨૫

### ✻ છત્રત્રય ✻

તારા દ્વારા સકલ ભુવનો આ પ્રકાશિત થાતાં,
તારા વૃંદો સહિત શશિ આ સ્વાધિકારે હણાતાં,
મૌક્તિકોના ગણયુત ઉઘાડેલ ત્રિ છત્ર બ્હાને,
આવ્યો પાસે ત્રિવિધ તનુને ધારી નિશ્ચે જ જાણે! ૨૬

ત્રિલોકોને બહુ બહુ ભરી પિંડરૂપી થયેલા,
જાણે કાંતિ-પ્રતપ-યશના સંચથી નિજ કેરા;
માણિક્યો ને કનક રજતે એ રચેલા ગઢોથી,
વિભાસે છે ભગવન અહો! તુંહી સર્વે દિશોથી. ૨૭

## * પાર્શ્વપ્રભુ સ્તુતિ *

જન્માબ્ધિથી વિમુખ વરતે તોય તું જિનરાજ!
તારે છે જે સ્વપીઠપર લાગેલ પ્રાણીસમાજ;
તે તું પાર્થિવનિરૂપને યુક્ત નિશ્ચે જ અત્રે,
તું આશ્ચર્ય! પ્રભુ! કરમવિપાક વિહીન વર્તે!! ૨૮

તું વિશ્વેશો દુરગત છતાં લોકરક્ષી કહાવે!
વા સ્વામી! તું અલિપિ તદપિ અક્ષર સ્વસ્વભાવે!
અજ્ઞાનીમાં તમ મહિં નકી સર્વદા કો પ્રકાર,
જ્ઞાન સ્ફુરે ત્રણ જગતને હેતુ ઉદ્યોતનાર! ૨૯

## * કમઠાસુરના ઉપસર્ગ *

વ્યાપ્યા જેણે અતિ અતિ મહા ભાર દ્વારા નભોને,
ઉડાડી’તી શઠ કમઠડે રોષથી જે રજોને;
તેથી છાયા પણ તમ તણી ના હણાણી જિનેશ!
દુરાત્મા એહ જ રજ થકી તે ગ્રસાયો હતાશ. ૩૦

જ્યાં ગર્જતા પ્રબળ ઘનના ઓઘથી અભ્ર ભીમ,
વિદ્યુત ત્રૂટે મુસલ સમ જ્યાં ઘોર ધારા અસીમ;
દૈત્યે એવું જ દુસ્તર વારિ અરે! મુક્ત કીધું,
તેનું તેથી જ દુસ્તરવારિ થયું કાર્ય સીધું. ૩૧

છૂટા કેશોથી વિકૃતિરૂપી જે ધરે મુંડમાલા,
ને જેના રે! ભયદ મુખથી નીકળે અગ્નિજ્વાલા;

વિકુર્વ્યો જે પ્રભુ! તમ પ્રતિ એહવો પ્રેતવૃંદ,
તે તો તેને ભવભવ થયો સંસૃતિ દુઃખકંદ. ૩૨

(વસંતતિલકાવૃત્ત)

### ✻ છે ધન્ય ત્હારા ભક્તને ✻

છે ધન્ય તે જ અવની મહિં જેહ પ્રાણી;
ત્રિસંધ્ય તેજ પદ ભુવનનાથ નાણી!
આરાધતા વિધિથી કાર્ય બીજાં ફગાવી,
રોમાંચ ભક્તિ થકી અંગ મહિં ધરાવી. ૩૩

### ✻ ના સુણ્યો કદિ મેં તને ✻

માનું અપાર ભવસાગરમાં જિનેશ !
તું કર્ણગોચર મને ન થયો જ લેશ;
સુણ્યા પછી તુજ સુનામ પુનિત મંત્ર,
આવે કને વિપદ-નાગણ શું ? ભદંત ! ૩૪

### ✻ ના પૂજ્યો કદિ મેં તને ✻

જન્માંતરેય જિન! વાંચ્છિત દાનદક્ષ,
પૂજ્યા ન મેં તુજ પદોરૂપ કલ્પવૃક્ષ,
આ જન્મમાં હૃદયમંથિ પરાભવોનો,
નિવાસ હું થઈ પડ્યો, ઈશ મુનિઓના! ૩૫

### ✻ ના દીઠો કદિ મેં તને ✻

મેં મોહતિમિરથી આવૃત્ત નેત્રવાળે,
પૂર્વે તને ન નિરખ્યો નકી એક વારે,

ના તો મને દુઃખી કરે ક્યમ મર્મભેદી,
એહી અનર્થ ઉદયાગત, વિશ્વવેદી! ૩૬

### ✻ ધાર્યો ન મેં હૃદયે તને ✻

પૂજ્યો છતાં શ્રુત છતાં નિરખ્યો છતાંય,
ધાર્યો ન ભક્તિથી તને મુજ ચિત્તમાંય;
તેથી થયો હું દુઃખભાજન જિનરાય!
ના ભાવવિહીન ક્રિયા ફલવંત થાય. ૩૭

### ✻ છોડાવ દુઃખ થકી મને ✻

હે નાથ! દુઃખીજનવત્સલ! હે શરણ્ય!
કારુણ્યપુણ્યગૃહ! સંયમીમાં અનન્ય!
ભક્તિથી હું નત પ્રતિ ધરી તું દયાને,
થા દેવ! તત્પર દુઃખાંકુર છેદવાને! ૩૮

નિઃસંખ્ય સત્ત્વગૃહ, ખ્યાત પ્રભાવવાળા,
ને શત્રુનાશક શરણ્ય અહો! તમારાં
પાદાબ્જ શર્ણ લઈ જો છઉં ધ્યાન વંધ્ય,
તો નષ્ટ હું, ભુવનપાવન ! હું જ વંધ્ય. ૩૯

દેવેન્દ્રવંદ્ય! વિભુ! વસ્તુરહસ્યજાણ!
સંસારતારક! જગત્પતિ! જિનભાણ!
રક્ષો મને ભયદ દુઃખસમુદ્રમાંથી,
આજે કરુણહૃદ! પુણ્ય કરો દયાથી. ૪૦.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



## ✻ હો તું જ શર્ણ ભવેભવે! ✻

તારાં પદાબ્જતણી સંતતિથી ભરેલી,
ભક્તિતણું કંઈય જો ફલ વિશ્વબેલી!
તો તું જ એક શરણું બસ એહ મુજ,
હો શર્ણ આ ભવભવાંતરમાંય તું જ! ૪૧

## ✻ સ્તોત્રમાહાત્મ્ય, ઉપસંહાર ✻

રે! આમ વિધિથી સમાધિમને ઉમંગે,
રોમાંચ કંચુક ધરી નિજ અંગ અંગે;
સદ્‌બિમ્બ નિર્મલ મુખાંબુજ દૃષ્ટિ બાંધી,
ભવ્યો રચે સ્તવન જે તુજ ભક્તિ સાંધી. ૪૨

તે હે જિનેન્દ્ર! જયનેત્ર 'કુમુદચંદ્ર'!
હ્યાં ભોગવી સ્વરગ સંપદવૃંદ ચંગ;
નિ:શેષ કર્મમલ સંચય સાવ વામે,
ને શીઘ્ર તેહ ભગવન્! શિવધામ પામે. ૪૩

❒